# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના મા. અધ્યક્ષ શ્રી વી.પી પટેલ દ્વારા દિ. ૦૭/૦૬/૨૦૧૮ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આયોજિત પ્રથમ પદવીદાન સમારંભ નિમિત્તે દીક્ષાંત પ્રવચન

---

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના માનનીય રાજ્યકક્ષાના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ સાહેબ, યુનિવર્સિટીના કુલપતિ શ્રી, ડૉ. જતિન સોની, કુલસચિવ, ડૉ. ડી. ડી. કાપડિયા, અત્રે ઉપસ્થિત અન્ય યુનિવર્સિટીના માનનીય કુલપતિઓ, સંચાલક મંડળના સભ્યો, ડીન તથા પ્રાધ્યાપકો, યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો, આમંત્રિત મહેમાનો અને માતાપિતા, પ્રિય વિદ્યાર્થીઓ, પ્રેસ અને મીડિયાના પ્રતિનિધિઓ અને સર્વે ભાઈઓ તથા બહેનો...

આ પ્રતિષ્ઠિત વિશ્વવિદ્યાલયના પ્રથમ પદવીદાન સમારંભ પ્રસંગે આજે અહીં પ્રત્યક્ષ હાજર રહી ખેલકૂદ અને રમતગમત ક્ષેત્રે વિવિધ પાંચ વિદ્યાશાખાઓમાં પદવી તથા ચંદ્રકો પુરસ્કૃત કરવા, એ મારી વહીવટી કારકિર્દીમાં એક અવિસ્મરણીય પ્રસંગ અને સન્માનની બાબત છે.

મિત્રો, ગુજરાતમાં રમત-સંસ્કૃતિના યથાયોગ્ય નિર્માણ માટે કૌશલ્ય અને નિપુણતા ધરાવતા માનવસમુદાયના ઘડતર માટે માનનીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિથી વર્ષ ૨૦૧૧માં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અધિનિયમ આજ રોજ પ્રકાશિત થયો હતો એ દ્રષ્ટિએ આજે યુનિવર્સિટીનો સ્થાપના દિવસ પણ છે, વર્ષ ૨૦૧૩થી અસ્તિત્વમાં આવી, ત્યારે ગુજરાત સરકારે ડૉ. જતિન સોનીને પ્રથમ કુલપતિ શ્રી અને અધિકારી શ્રી એમ. એ. પંડ્યાને પ્રથમ કુલસચિવ તરીકે નિયુક્ત કરી ગુજરાતમાં શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ, સંશોધન અને તાલીમ માટે એક નવું પ્રોત્સાહન પૂરું પાડયું.

આજે, આ વિશ્વવિદ્યાલયે પોતાના પાંચમા સ્થાપના દિવસે પ્રથમ પદવીદાન સમારંભનું આયોજન કરી એક અનેરું ઉદાહરણ પૂરું પાડયું છે. આ એક સુંદર સંયોગ છે.

આજનો દિવસ, આપણા સહુ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને જીવનના આવનારા દિવસોના પડકારો ઝિલવા સમર્થ બનાવશે, એવો વિશ્વાસ મને આ યુનિવર્સિટીની શિક્ષણપ્રણાલી માટે છે. શીલ, શક્તિ અને જ્ઞાનના ત્રિવેણીસંગમમાં સ્નાન કરીને નીકળેલા આ વિદ્યાર્થીઓ પોતાના વાસ્તવિક જીવનમાં કંઈક નવું જ કરી બતાવે એવા ચેતનવંતા બની રહેશે એવો પણ વિશ્વાસ છે. મિત્રો, આજની આ સિધ્ધિની ક્ષણે એટલું યાદ રાખજો કે ભવિષ્યની આવી અનેક સિદ્ધિઓની ક્ષણો આપના પગરવ માટે રાહ જોઈ રહી છે ત્યારે આપ યોગ્ય અભિગમ કેળવી સાંપ્રત વૈશ્વિકીકરણયુક્ત અને સંકલિત વિશ્વમાં પ્રગતિ કરવાનું શીખશો. હું તમારી ઉજજવળ કારકિર્દીમાં તેજસ્વી સફળતા ઇચ્છું છું. આ તબક્કે હું વિદ્વાન પ્રાધ્યાપકો-અધ્યાપકોને પણ અભિનંદન પાઠવું છું કે જેમણે વિદ્યાર્થીઓના ઘડતર માટે સખત મહેનત કરી છે અને તેમને જ્ઞાન, કુશળતા, તકનીકો અને નૈતિક મૂલ્યોની સંપત્તિથી સમૃદ્ધ કર્યા છે જેથી તેઓ શારીરિક શિક્ષણ તથા રમતવિજ્ઞાનના ક્ષેત્રમાં પોતાની સેવાઓ દ્વારા સમાજ અને રાષ્ટ્રને સમૃદ્ધ કરી શકે. ફરીથી જે વિદ્યાર્થીઓ આજે ડિગ્રી અને ડિપ્લોમા મેળવે છે તેમને હું અભિનંદન આપું છું, અને જે લોકો પરીક્ષામાં તેમના ઉત્કૃષ્ટ દેખાવ માટે સુવર્ણચંદ્રકો મેળવે છે તેમને વિશેષ શુભેચ્છાઓ પાઠવું છું.

सर्वद्रव्येषु विद्यैव द्रव्यमाहुरनुत्तमम् ।

अहार्यत्वादनर्घ्यत्वादक्षयत्वाच्च सर्वदा ॥

સર્વ દ્રવ્યોમાં વિદ્યારૂપી દ્રવ્ય શ્રેષ્ઠ છે, કારણ કે, તેને કોઈ હરાવી શકતું નથી, તેનું મૂલ્ય કોઈ આંકી શકતું નથી, અને તેનો ક્યારેય નાશ થતો નથી. કારણ કે, વિદ્યા એ વાસ્તવિક અર્થમાં વ્યક્તિગત

અને વ્યવસાયિક જીવનમાં ભૌતિક સફળતા કરતાં ઘણું વધારે છે. આધુનિક સમાજમાં લોકોએ વિદ્યાનો અર્થ ખૂબ સંકુચિત કર્યો છે. તે શિક્ષિત લોકોને માત્ર  વ્યાવસાયિક માન્યતા કે સફળતા પ્રાપ્ત કરાવે તેવું નથી પરંતુ વિદ્યાનો સાચો અર્થ એ છે કે ભૌતિક, સામાજિક અને માનસિક સુખાકારીને સુધારી, પોતાના વ્યક્તિત્વ કૌશલ્ય અને ક્ષમતામાં વૃધ્ધિ કરે અને વિકસિત વ્યકિતત્વને સમાજના શ્રેયમાં વિલીન કરી દે. વિદ્યાનો ઉદ્દેશ ખૂબ વિશાળ છે તે વ્યક્તિને સારા, સંસ્કારી અને પ્રબુદ્ધ વ્યક્તિ તરીકે સમાજમાં સ્થાન મેળવી આપે છે. એટલે જ મિત્રો, જ્યાં પરિશ્રમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ, આમ છ ગુણોનો સમન્વય હોય, ત્યાં નસીબ એટલેકે, સંજોગો પણ મદદ કરતા હોય છે.

उद्यमः साहसं धैर्यं बुद्धिः शक्तिः पराक्रमः ।

षडेते यत्र वर्तन्ते तत्र दैवं सहायकृत् ॥

મને તૈતેરિય ઉપનિષદમાં ગુરુ – શિષ્ય પરંપરા પ્રમાણે યોજાતા દીક્ષાંત સમારોહ યાદ અપાવે છે, જ્યાં ગુરુ એવા વિદ્યાર્થીઓ કે જેઓ ગુરુકુળ છોડી રહ્યા છે અને બહારની વાસ્તવિક સંઘર્ષ અને પડકારોથી ભરેલી દુનિયામાં પ્રવેશી રહ્યા છે, તેમને દીક્ષાંત પ્રવચન આપે છે. ગુરુકુળના વિદ્યાર્થીઓએ તેમના શિક્ષણના માધ્યમથી કેવી રીતે સંસ્કારિતાની સુવાસ ફેલાવીને જીવનમાં જીવવું જોઈએ તે અંગેના આશીર્વાદ ગુરુ આપે છે. સત્યમ્-શિવમ્-સુંદરમ્ ના આદર્શોને જીવનમાં વણી લઈને ત્યાગ, સંયમ, અધ્યાત્મ અને માનવતાયુક્ત જીવન જીવવાની પ્રેરણા આપે છે.

પદવી મેળવવાથી તમારી ફરજ પૂરી થઈ ગઈ છે એવો અર્થ ક્યારેય ના કરવો,  હકીકતમાં સમાજ તરફની તમારી ફરજ હવે શરૂ થાય છે. હાલના અને ભવિષ્યના પડકારોની દ્રષ્ટિએ સમાજ, રાજ્ય અને રાષ્ટ્રના  શિક્ષિત નાગરિકો તરીકે તમારી ફરજ શું છે ?  તેનો યોગ્ય અને આદર્શ વિચાર કરી, વાણી અને વર્તનમાં મૂકશો તેવી મને પૂર્ણ આશા છે.

મિત્રો, સમાજ અને રાષ્ટ્ર સ્તરે રમતગમત અને શારીરિક પ્રવૃત્તિઓના માધ્યમથી આર્થિક અને સામાજિક વિકાસ, જાહેર આરોગ્યનો વિકાસ, સામાજિક સમરસતાના ગુણોનો વિકાસ સાધી શકાય છે. સમાજના વિવિધ ઘટકોમાં રમતના માધ્યમથી ભાઇચારાની ભાવનાનો વિકાસ તો થાય છે જ સાથેસાથે પોતાની શારીરિક ક્ષમતામાં સુધારો થતાં પ્રત્યેક નાગરિક વધુ ઉત્પાદનક્ષમ બને છે. વૈશ્વિક સ્તરે વિશ્વબંધુત્વની ભાવના માટે રમતગમત અને શારીરિક પ્રવૃત્તિઓ એકમાત્ર ઉપાય જણાય છે. રમતગમતની અસરોથી વૈશ્વિક સ્તરે જાહેર આરોગ્ય, સમૃદ્ધિ, ઉત્કૃષ્ટતા અને સૌહાર્દપૂર્ણ સામાજિક વાતાવરણ પ્રાપ્ત થાય છે. રમતગમત અને શારીરિક શિક્ષણની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેવાથી સામાજિક સુદ્દઢતાનું નિર્માણ, સામાજિક મૂલ્યોનું જતન અને વિવિધ સમાજની સંસ્કૃતિઓનું આદાન-પ્રદાન ખૂબ સાહજિક રીતે થઇ શકે છે. ધાર્મિક અને વૈચારિક માન્યતાઓ તથા મતભેદોને કારણે સર્જાતા ધર્મ અને નાતજાતના વાડાઓમાંથી મુક્ત થઇ એક ટીમ તરીકે કામ કરવાની શ્રેષ્ઠ તક દરેકને રમતગમત અને શારીરિક શિક્ષણની પ્રવૃત્તિઓ સાહજિક રીતે પ્રદાન કરે છે. રમતો અને શારીરિક પ્રવૃત્તિઓની હકારાત્મકતા સમાજના પ્રત્યેક નાગરિક સુધી પહોંચે અને વિશ્વની ભાવિ પેઢીની મનોશારીરિક, સાંવેગિક અને આધ્યાત્મિક ક્ષમતા વિકસાવવા હકારાત્મક વૈશ્વિક વાતાવરણનું સર્જન થાય તે માટે શિક્ષણના માધ્યમથી શાંતિ અને વૈશ્વિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે આપ સદા તત્પર રહેશો તેવી મને અપેક્ષા છે.

મારા, આ દીક્ષાંત પ્રવચનનું સમાપન કરતી વખતે, મારે કહેવું છે કે, જે જ્ઞાન અને કુશળતા તમે હસ્તગત કરી છે તે સર્વસ્વ નથી. તે સંભવત: માત્ર આપના ભાવિ જીવનનિર્વાહ માટે અર્થોપાર્જનનું સાધન છે એવું ન માનશો. એ તમારા જીવનની દિશા નિર્ધારિત કરશે. તમે એવું કંઈક કરી બતાવશો કે પોતે નોકરી કરવાને બદલે અનેકને રોજગારી મળે એવું નાવીન્યપૂર્ણ સર્જન તમારું હશે.

પ્રિય પદવીધારક યુવાનો, રાજ્ય અને આપણા દેશને તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ છે. હું તમારી જાતને 'સ્ટાર્ટ અપ ઇન્ડિયા', 'મેક ઇન ઇન્ડિયા' અને 'ડિજિટલ ઈન્ડિયા' જેવા કાર્યક્રમો સાથે સાંકળી તમારી કુશળતા અને જ્ઞાન દ્વારા પોતાને અને ગ્રામીણ જનતાને સુદ્રઢ કરવા તમને અપીલ કરું છું. સકારાત્મક અભિગમ અને યોગ્ય નિર્ણય શક્તિ એ જ સફળતાનો મંત્ર છે. મહેનત, નિષ્ઠા અને પ્રામાણિકતાના માર્ગને અનુસરો, સફળતા તમારી પાછળ આવશે. DEGREE ની સાથે સાથે DIGNITY વાળું જીવન જીવી જાણો... એવી હાર્દિક શુભ કામનાઓ.

આખરે દરેકની સુખાકારી માટે સર્વશક્તિમાન પરમાત્માને પ્રાર્થના કરું છું.

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत् ।
ॐ शान्तिः शान्तिः शान्तिः

------------------------------